ONLY FOR EDUCATIONAL PURPOSE AND PRIVATE CIRCULATION



# દીવાદાંડી




વર્ષ : ૩
વર્ષ અંક : ૪
સળંગ અંક : ૧૬
જૂન : ૨૦૧૨


લવાજમ વિનાનું નિયતકાલીન માસિક


**સંપાદક**
મનીષ સુથાર
મદદનીશ શિક્ષક
શ્રી સમાદરા પ્રા.શાળા
તા.જિ:ખેડા
પિન.૩૮૭૧૨૦





'રણજિતરામ મહેતા'( ૧૮૮૧–૧૯૧૭)

**આ અંકના સૌજન્યદાતા**
શ્રી વાસંતીબેન જે.વાઘેલાના
જન્મદિન ( ૩૦–એપ્રિલ )
નિમિત્તે
શ્રી રતનબેન કે.પરમાર
વાલ્મિકી
પ્રા.શાળા–પેટલાદ,
તા.પેટલાદ, જિ : આણંદ.
મો.9428028157

## ○ સાંકળિયું ○

(૧) મારી વાત........................૨

(૨) આટલો સંદેશો.................૩

(૩) સાયબર સફર ..................૬

(૪) વિશેષદિનની ઊજવણી .......૮

(૫) સાહિત્ય વંદના ...............૧૧

(૬) વ્યકિત વિશેષ..............૧૨

## ○ શિક્ષકોને/વાચકોને ○

○ પ્રાથમિક શિક્ષકોને ઉપયોગી,પ્રેરણાદાયી બને તેવા મૌલિક,અનુભવજન્ય,અભ્યાસપૂર્ણ ટૂંકા લેખો,માહીતિ, સમાચાર કે વિશેષતા આવકાર્ય છે.

○ અસ્વિકૃત લેખો કે કૃતિઓ પરત મોકલવામાં આવતી નથી.

○ જે તે લેખ કે વિચારો અંગેની જવાબદારી જે તે લેખકની રહેશે.

○ જે તે લેખકના લેખો,વિચારો સાથે સંપાદક કે સલાહકાર મંડળ સંમત છે તેમ માનવું નહી.

○ આ સામયિક શૈક્ષણિક હેતુ માટે જ છે.

○ આપના પ્રતિભાવો અને સૂચનો હંમેશા આવકાર્ય રહેશે.

## ○ મારી વાત...○

● **મનીષ સુથાર**

સુજ્ઞ સારસ્વત મિત્રો,

સાદર વંદન.'દીવાદાંડી'ના **જૂન : ૨૦૧૨** અંકના માધ્યમથી આપ સૌને મળતાં હર્ષની લાગણી અનુભવું છું.

આપ સૌને નવા શૈક્ષણિક વર્ષના નૂતન વર્ષાભિનંદન.નવા શૈક્ષણિક વર્ષને નવી આશા,ઉમંગ અને સંકલ્પથી વધાવીએ.

આ માસના અંકમાં શાળા પ્રવેશોત્સવનાં સૂત્રો,સાયબર સફર,વિશેષદિનની ઊજવણી,સાહિત્ય વંદના જેવું વિવિધતાસભર શૈક્ષણિક સંદર્ભ સાહિત્ય અને માહિતી આપની સમક્ષ મૂકી છે.આશા છે આપને ઉપયોગી બનશે.છતાં પણ આપના સૂચનો અને પ્રતિભાવ ''દીવાદાંડી''ને વધુ ગુણવત્તાસભર બનાવવામાં ઉપયોગી બનશે.

'દીવાદાંડી' માસિકના માધ્યમથી શિક્ષકોને સીધું ઉપયોગી શૈક્ષણિક સાહિત્ય આપવાનો પ્રયત્ન કરતો રહ્યો છું.'દીવાદાંડી'ની સફળતામાં આપ સૌના આશીર્વાદ અને સહયોગ સાંપડતો રહ્યો છે.અંતે આપ સૌનો ખૂબ સારો પ્રતિસાદ સાંપડી રહયો છે.એ માટે આપનો આભારી છું.

**''મા તુજે સલામ''**

# ০ આટલો સંદેશો ০

**০ સંકલન : મનીષ સુથાર**

શિક્ષણ અને કન્યાકેળવણી પ્રત્યે જાગૃતિ લાવવાના હેતૂથી રાજય સરકાર દ્વારા દર વર્ષે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી પર્વની ઊજવણી કરવામાં આવે છે.ત્યારે આવો આપણે સાથે મળીને આ શૈક્ષણિક ઉત્સવને ખૂબ સુંદર રીતે ઊજવીએ.આ ઉત્સવને સામાજિક ઉત્સવ,સામાજિક ચેતના,સામાજિક યજ્ઞ બનાવીએ.

અહીં આ ઉત્સવ સંદર્ભે કેટલાક સૂત્રો મૂકું છું.આશા છે આપને ઉપયોગી બનશે.

## ০ શાળા પ્રવેશોત્સવનાં સૂત્રો ০

→ દીવે દીવો પ્રગટાવો,બાળકોને ભણાવો.

→ ચાલો નિશાળે જઈએ.

→ બાળ અધિકાર,શિક્ષણ અધિકાર.

→ બાળકનું ગૌરવ સ્વીકારીએ,શાળામાં પ્રવેશ આપીએ.

→ શાળા પ્રવેશોત્સવ આવ્યો,ભણવાનો અવસર આવ્યો.

→ ગોળધાણા વહેંચીએ,શાળામા બાળદેવોને પ્રવેશ આપીએ.

→ ઢોલ–નગારાં વગડાવીએ,બાળરાજાને શાળામાં પ્રવેશ આપીએ.

→ ભણતર ભવ સુધારે.

→ અમને હસાવો,અમને રમાડો,અમને ભણાવો.

→ ભણતર,ગણતર : જીવન ચણતર.

→ શાળા પ્રવેશોત્સવ એટલે બાળકોનો મહોત્સવ.

→ બાળકોને પ્રવેશ આપીએ,તેમનાં સપનાં સાકાર કરીએ.

→ વૃક્ષ થઈને ઊગવું છે,મારે શાળામાં જઈ ભણવું છે.

→ ભણતરનો ભાર નહીં,શાળાએ જવામાં વાર નહીં.

→ નવી દિશાઓ ખોલીએ,શાળામાં જઈ ભણીએ.

→ ચલો ચલે...સ્કૂલ ચલે હમ.

→ દીક્ષા અને સંસ્કારનું પારણું,શાળા પ્રવેશોત્સવ એક નજરાણું.

→ શાળા મારી વાત્સલ્યનું ઝરણું,ગુરૂજી મારા જ્ઞાનનું ઝરણું.

→ પ્રવેશોત્સવની ઊજવણી,સમાજની છે ભાગીદારી.

→ બાળક તો છે પ્રભુનું સંતાન,શાળામાં જઈ બને મહાન.

→ ગલી ગલી મેં ગુંજે નાદ,શાળા પ્રવેશોત્સવનો જયજયકાર.

→ શાળાએ તોરણ બંધાવો,બાળદેવોનાં જીવન બનાવો.

→ દીકરી ભણે,દીકરો ભણે,શાળામાં સૌ બાળ ભણે.

→ જય જય ગરવી ગુજરાત,ભણે કન્યા અને કુમાર.

→ હસતાં–રમતાં ભણીએ,શાળામાં ભાવિ આપણું ઘડીએ.

→ શા માટે આપણે પાછળ રહીએ ? ચાલો આપણે શાળાએ જઈએ.

→ સાંભળજો બળકો સાદ,નિશાળ તમને કરે છે સાદ.

→ પ્રવેશોત્સવ ઉજવાય આજ,બાળકો જાય ભણવાને કાજ.

→ ભાર વિનાનું ભણતર આજ,શાળામાં તો બાળકોનું રાજ.

→ મને ખીવવું છે,ખીલવા દો.

→ સાથે મળીને અમે શાળાએ જાશું,
શિક્ષણની સંગાથે અમે સપનાં ઉછેરશું,
સદીઓ પુરાણા આ બંધનને તોડશું,
ખળખળતી નદીઓ થઈ વહેશું.

→ ભણીશ લખીશ અને મહેનત કરીશ,
હું મારા પગથી ચાલીને દુનિયાને દેખીશ,
મારી આંખોથી દુનિયાને દેખીશ.
હું શાળામાં ભણીશ.

# ૦ કન્યાકેળવણીનાં સૂત્રો ૦

→ ભણેલી દીકરી બે પેઢી તારે.
→ કન્યા છે જગતનું સન્માન,કન્યાને દ્યો પૂરાં સન્માન.
→ કન્યા માત્રને આપીએ જ્ઞાન,સમાજની એ સાચી શાન.
→ દીકરી વ્હાલનો દરિયો.
→ બેટી બચાવો,બેટી વધાવો,બેટી ભણાવો.
→ કન્યા કેળવણી,સમાજની સાચી કેળવણી.
→ કન્યા કેળવણી રથયાત્રા,શિક્ષણની જીવનયાત્રા.
→ દીકરીને હોંશે ભણાવો,નારી માત્રને નિરક્ષર ન રાખો.
→ શિક્ષણ કેરો સહુને છે અધિકાર,દીકરીના ભણતર વિના અંધકાર.
→ દીકરી મારી લાડકવાયી,ભણશે રૂડી પેર,
ઊગારવા બે કુંટુંબને,ઉપાય છે આ સહેલ.
→ ગામે–ગામ એક જ વાત,દીકરી–દીકરો એક સમાન,બંનેને આપો તક સમાન.
→ શિક્ષિત નારી વિકાસનો આધાર.
→ દીવે દીવો પ્રગટાવો,કન્યાને ભણાવો.
→ ગામની બાળાઓને ભણાવીએ,ગામનું ગૌરવ વધારીએ.
→ દીકરીનો છે એક જ નારો,ભણતરનો છે અધિકાર અમારો.
→ દીકરીને નથી સમજયા આપણ,માટે કહીએ છીએ પારકી થાપણ.
→ દીકરી રૂડી સાચી મૂડી.
→ ગોળ વિના મોળો કંસાર,દીકરી વિના સૂનો સંસાર.
→ દીકરી દી' ઊજાળે,દીકરી દા'ડા વાળે.
→ સૌથી મોટું દાન,કન્યાને આપો શિક્ષણ દાન.

→ આપણા સૌનો એક જ નારો,કન્યાને શાળામાં દાખલ કરો.

→ દીકરો દીકરી એક સમાન,ભણીને બને મહાન.

→ દીકરી એ સમાજની આંખ અને રાષ્ટ્રની પાંખ.

→ અમારે સહાનુભૂતિ નહિ,સ્વીકૃતિ જોઈએ.

→ નારી તું નારાયણી.

→ જયાં સુધી નહીં નારી સન્માન,ત્યાં સુધી નહીં સંસ્કૃતિ ઉત્થાન.

**( બાલસૃષ્ટિ જૂન : ૨૦૦૬ અંકમાંથી સાભાર...)**

---

## ૦ સાયબર સફર ૦

આજે નિરક્ષરતાની વ્યાખ્યા બદલાઈ છે.જેની પાસે કમ્પ્યૂટરનું જ્ઞાન નથી એ આજે નિરક્ષર કહેવાય.ટેકનોલોજીનો વિવેકપૂર્વકનો અને સમજભર્યો ઉપયોગ આપણને સફળતા અપાવે છે.આજે બધું જ 'ઓનલાઈન' બન્યું છે.ઘણા શિક્ષકો અને શાળાઓ પોતાની વેબસાઈટ,ઈ–મેઈલ એકાઉન્ટસ્,બ્લોગ,ફેસબૂક એકાઉન્ટસ્,ટવીટર એકાઉનટસ્ ધરાવે છે.ત્યારે આવો આપણે પણ આ સાયબર સફરમાં જોડાઈએ અને એકબીજા સાથે જોડાણમાં રહી નવી પ્રવૃત્તિઓ,નવા પ્રયોગો અને શૈક્ષણિક માહિતીઓ જાણીએ અને આપણી શાળામાં પણ શકય હોય તો અમલમાં મૂકીએ.

### ➲ ઈ મેઈલ :

ગુગલ કે યાહૂમાં વિનામૂલ્યે પોતાના ઈ મેઈલ આઈ.ડી. બનાવી શકાય છે.જેનાથી આપણે સરળતાથી,ઝડપથી અને વિનામૂલ્યે લેખિત ડોકયૂમેન્ટ,પિકચર,વિડીયો વગેરે મોકલી શકીએ છીએ અને મેળવી પણ શકીએ છીએ.

### ➲ ફેસબુક :

ફેસબુક પર વિનામૂલ્યે પોતાનું એકાઉન્ટ બનાવી શકાય છે.અને આપણે અનેક મિત્રો બનાવી શકીએ છીએ.વિવિધ જૂથ પણ બનાવી શકીએ છીએ અને જૂથમાં જોડાઈ પણ શકીએ છીએ.આપણા મિત્રો દ્વારા મૂકવામાં આવેલ ઈમેજ,ગીત,વિડીઓ,લિંક વગેરે જોઈ શકીએ છીએ.અને ડાઉનલોડ પણ કરી શકીએ છીએ.આપણને જરૂરી માહિતી માટે મિત્રોને પોસ્ટ મોકલી શકીએ છીએ.

➲ **બ્લોગ :**

બ્લોગર સાઈટ પર વિનામૂલ્યે આપણે બ્લોગ શરૂ કરી શકીએ છીએ.જેમાં આપણે વિવિધ લિખિત માહિતી,ફોટોગ્રાફ્સ,વીડીઓ,ગીત,લીંક વગેરે મૂકી શકીએ છીએ.આપણા બ્લોગ પર મૂકેલી માહિતી બ્લોગ પર કોઈપણ જોઈ શકે છે.અને તે પોતાની પ્રતિક્રિયા પણ આપી શકે છે.

આવો કેટલાક બ્લોગની યાદી મૂંકું છું.આવો આ બ્લોગની મુલાકાત લઈએ.

**www.subirshukla.blogspot.com**
**www.kaheysubira.blogspot.com**
**www.apnikegyan.blogspot.com**
**www.inovationbhaveshpandya.blogspot.com**
**www.rajeshvdhameliya.blogspot.com**
**www.nvndsr.blogspot.com**

➲ **ટિવટર :**

ટિવટર પર વિનામૂલ્યે પોતાનું એકાઉન્ટ બનાવી શકાય છે.અને આપણે વિશ્વમાં બનતી કોઈપણ ઘટના વિશે કે સમાજને શુભસંદેશ આપતો સંદેશ કે પોતાના અંગત વિચાર મૂકી શકીએ છીએ.જે ટિવટ એવા નામે ઓળખાય છે.રોજબરોજ જાણીતી હસ્તીઓ ટિવટરના માધ્યમથી લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરે છે.

o આવો આપણે પણ આ સાયબર સફરમાં જોડાઈએ.અને આ સાયબરના વિવિધ માધ્યમોનો શૈક્ષણિક ઉપયોગ કરીએ.વિવિધ શૈક્ષણિક આદાન–પ્રદાન માટે આ બધા સાયબર માધ્યમોનો ઉપયોગ કરીએ.

# ૦ વિશેષદિન ઉજવણી ૦

**૫ – જૂન**
**વિશ્વ પર્યાવરણ દિન**



૫ જૂન ૧૯૭૨માં સ્ટોકહોમ ખાતે વિશ્વના પ્રતિનિધિઓ એકઠા થયા.તેઓ પર્યાવરણની જાળવણી માટે કટિબદ્ધ થવા એકઠા થયા હતા અને તેમણે એક જાહેરનામું પણ બહાર પાડયું.આ પ્રયાસની યાદગીરી રૂપે સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા ૫ મી જૂનના દિવસને પ્રતિવર્ષ "વિશ્વ પર્યાવરણ દિન" તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું.

## • આ પ્રકારની પ્રવૃત્તિ યોજી શકાય :

- **શૈક્ષણિક પ્રવાસ / પર્યટન** :પ્રાકૃતિક સ્થળે પ્રવાસ / પર્યટન ગોઠવી શકાય.પર્વત,ડુંગર વગેરેની ઊંચાઈ,કદ વિશિષ્ટતા વગેરેની માહિતી મેળવવી.ઝરણાં,નદી વગેરે વિશે અવલોકનોની નોંધ કરાવી શકાય.
- રાષ્ટ્રીય ઉદ્યાન કે અભયારણ્યની મુલાકાત ગોઠવી શકાય.
- નજીકના પ્રાણી સંગ્રહાલયની મુલાકાત ગોઠવી પ્રાણી,પક્ષીઓ વિશે જાણકારી મેળવી શકાય.
- ગામમાં 'વધુ વૃક્ષો વાવો' જેવા કાર્યક્રમો યોજી શકાય.
- આસપાસમાં વસતા લોકોમાં પર્યાવરણ સબંધી જાગૃતિ લાવવા વ્યાખ્યાનો,વિડીયો ફિલ્મ વગેરેનું આયોજન કરી શકાય.
- ભીંતપત્રો,પત્રિકાઓ,સામયિકો વગેરેનું પ્રકાશન કરી શકાય.
- શાળા,ગામ,સંસ્થા કે સોસાયટીમાં પર્યાવરણને લગતી કિવઝ ગોઠવી શકાય.
- પર્યાવરણીય સબંધી સામાન્ય જ્ઞાન કસોટી યોજી શકાય.
- પ્રદૂષિત વાતાવરણથી થતા નૂકશાનનો સર્વે કરી શકાય.
- નેચર કલબ અને ઈકોકલબની સ્થાપના કરવી અને તેના ઉપક્રને વિવિધ પર્યાવરણ સબંધી કાર્યક્રમો યોજી શકાય.

## ૧૮ – જૂન
## રાણીલક્ષ્મીબાઈ પુણ્યતિથિ



ભારતની સ્વતંત્રતા ચળવળના ઈતિહાસમાં અનેક સ્વાતંત્ર્યવીરોમાં રાણી લક્ષ્મીબાઈ એક સ્ત્રી વીરાંગના હતાં.'ઝાંસીની રાણી' સાંભળતાં જ શૂરવીરતાનો ઝંકાર સંભળાય.ભારતી નારીશકિતનું જીવતું જાગતું ઉદાહરણ એટલે ઝાંસીની રાણી.હાથમાં તલવાર લઈ,ઘોડા પર સવાર એવી દીવ્યમૂર્તિ સમાન લક્ષ્મીબાઈ આંખોની સામે તરવરવા લાગે.એમના જીવન અને કાર્યને યાદ કરવું એ પણ એક લહાવો છે.

### •આ પ્રકારની પ્રવૃત્તિ યોજી શકાય :

- તેમના જીવનકવન વિશેની માહિતી પ્રાર્થના સંમેલનમાં આપવી.
- દેશભકિત ગીત સ્પર્ધા યોજી શકાય.
- અન્ય સ્વાતંત્ર્ય વીરોની યાદી કરાવી તેમના વિશે માહિતી મેળવવી.
- સ્વદેશાભિમાન અને દેશભકિતને લગતાં નાટકો ભજવી શકાય.
- રાણી લક્ષ્મીબાઈ વિશેની માહિતી બુલેટીન બોર્ડ પર મૂકી શકાય.
- દેશનાં અન્ય નારીરત્નો વિશે માહિતી આપવી.

---

## ૨૩ – જૂન
## પંડિત ઓમકારનાથ જન્મજયંતિ



જન્મ : ૨૪.૬.૧૮૯૭,મૃત્યું : ૨૯.૧૨.૧૯૬૭, જન્મ સ્થળ : જહાજ.માત્ર ગુજરાતના જ નહિ પણ ભારતના મહાન સંગીત રત્નોમાં જેમની ગણના થાય છે એવા પડિત ઓમકારનાથનો જન્મ એક સામાન્ય કુટુંબમાં થયો હતો.પિતાનું નામ ગૌરીશંકર ઠાકુર અને માતાનું નામ ઝવેરબા હતું.તેમને ભારત સરકાર તરફથી પદ્મશ્રી,નેપાળના મહારાજા તરફથી સંગીત મહોદય,કાશીની મહાવિદ્યાલય તરફથી

સંગીત સમ્રાટ જેવા સન્માન પ્રાપ્ત થયા હતા.ઈ.સ.૧૯૪૩માં રણજિતરામ સુવર્ણચંદ્રક પણ એનાયત થયો હતો.

## •આ પ્રકારની પ્રવૃત્તિ યોજી શકાય :

- તેમના જીવનકવન વિશેની માહિતી પ્રાર્થના સંમેલનમાં આપવી.
- ભારતના સંગીતકારોના નામની યાદી કરવી.
- ભારતના પ્રખ્યાત વિવિધ વાદ્યવાદકોના નામની યાદી કરવી.
- સંગીતનાં સાધનોના નામની યાદી કરવી.
- ગીત સ્પર્ધાનું આયોજન કરવું.

## ૨૫ – જૂન
## ગિજુભાઈ બધેકા પુણ્યતિથિ



ગુજરાતના શિક્ષણમાં અધ્યયન પદ્ધતિમાં આમૂલ પરિવર્તન લાવનાર ગિજુભાઈ બધેકા હતા.જેઓ 'મૂછાળી મા' તરીકે જાણીતા છે.મા જેમ કાળજીપૂર્વક બાળકનું જતન કરે છે તેમ ગિજુભાઈએ ગુજરાતનાં બાળકોનું જતન કર્યુ છે.તેઓ શિક્ષણક્ષેત્રે એક યુગપ્રવર્તક હતા.તેમણે પ્રેમ,ધીરજ,સ્નેહ અને સમજાવટથી બાળકોને ભણાવવાનો પ્રયત્ન કર્યો.

## •આ પ્રકારની પ્રવૃત્તિ યોજી શકાય :

- તેમના જીવનકવન વિશેની માહિતી પ્રાર્થના સંમેલનમાં આપવી.
- એમના સાહિત્યનું વાંચન.
- બાળ રમતોનું આયોજન.
- શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત.
- તેમના સાહિત્યની યાદી બનાવવી.

# ૦ સાહિત્ય વંદના ૦

**૦ સંકલન : મનીષ સુથાર**

આ કોલમમાં દર માસે સાહિત્ય પ્રકારનો પરિચય મેળવીશું.જેનાથી ગુજરાતી સાહિત્ય સ્વરૂપોની સંકલ્પના સ્પષ્ટ થશે.જે ભાષા શિક્ષણના વિવિધ એકમોના શિક્ષણકાર્ય સમયે આપને ઉપયોગી બનશે.

## ♠ પદ :

ગુજરાતની સાથે સાથે આખા ઉત્તર ભારતના જૂના સાહિત્યમાં પદ વ્યાપકપણે પ્રચલિત અને પ્રખ્યાત સ્વરૂપ હતું.મોટા ભાગની ઉત્તમ કવિતા ત્યારે પદરૂપે જ પ્રગટેલી દેખાય છે.ગુજરાતીમાં નરસિંહ મહેતા,ભાલણ,મીરાં,દયારામ અને સ્વામીનારાયણ સંપ્રદાયના સંત કવિઓનાં પદો કવિતાના સુંદર નમૂના છે.પદ એ મૂળ સંસ્કૃત શબ્દ છે અને તેનો અર્થ પંકિત,કડી અને કડીઓના સમૂહ જેવો થાય છે.પદ્ય એટલે લયમધુર કવિતા એવો વ્યાપક અર્થ કરીએ તો પદ કાવ્યનું ઉત્તમ ઉદાહરણ ગણાય.

પદ એટલે લઘુ ઊર્મિકાવ્ય–પ્રકાર.ગીત એ ઊર્મિકાવ્યનો નવો પ્રકાર છે,તેમ પદ એ મધ્યકાળમાં પ્રચલિત એવો પ્રકાર છે.ન્હાનાલાલ,સુન્દરમ્,મકરન્દ દવે જેવા કવિઓએ પણ પદો લખ્યાં છે.પરંતુ–

**"મેહુલો ગાજે ને માધવ નાચે"** એ નરસિંહની રચના કે મીરાંબાઈની **"રામ રાખે તેમ રહીએ"** એ રચના જેવાં સરલ–સુગેય અને સુગમ પદો મધ્યકાળના સાહિત્યની જ વિશેષતા ગણાય.

## ♠ પદનાં લક્ષણો :

- પદનું સ્વરૂપ ગેય હોય છે.
- પદમાં ઊર્મિ ભાવ મુખ્ય હોય છે.
- સંવેદનની તીવ્રતા અને મનઃસ્થિતિની એકાગ્રતાને કારણે ટૂંકાણ એમાં અનિવાર્ય હોય છે.
- આત્મલક્ષિતા એ પદનું અગત્યનું લક્ષણ છે.વિષય પરલક્ષી હોય તોપણ કવિની ભાવમુદ્રા એમાં પ્રભાવક રહે છે.
- ભકિત આપણા પદની મુખ્ય પ્રેરણા રહી છે.ભકતહૃદયનું આત્મલક્ષી સંવેદન અને ભકિતબોધનું કથન એમ બંને પ્રકારે પદ લખાયાં છે.
- ગીતની જેમ ધ્રુવ પદ કે ટેકની પંકિત તે પદનું અગત્યનું અંગ છે.

ગેય સ્વરૂપ,મધુર વાણી અને સુકોમળ ભાષાશૈલી એ પદની ખાસ ઓળખ ગણાય છે.નિરૂપ્ય વિષય અનુસાર ભજન,કીર્તન,પ્રભાવિત ગરબા,ગરબી,રાસ વગેરે પદનાં ઘણાં પ્રકારો મળે છે.પરંતુ પ્રેમનો છલકાતો ભાવ એનો ભાવવિશેષ અને પદને કમનીયરૂપે અભિવ્યકત કરે છે.



# ૦ વ્યકિત વિશેષ : રણજિતરામ મહેતા ૦

ગુજરાતી સાહિત્યસભા અને ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક એવા રણજિતરામ વાવાભાઈ મહેતાનું અવસાન ૦૪/૦૬/૧૯૧૭ના રોજ થયું હતું.તેઓ ગુજરાતી સાહિત્ય જગતના સંવર્ધક અને પ્રણેતા હતા.

ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક,સંવર્ધક,નવલિકા લેખક,નવલકથાકાર,વિવેચક એવા રણજિતરામ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા.તેમનો જન્મ તેમના મોસાળ સુરતમાં થયો હતો.સાહિત્યનું પદ્ધતિસરનું કામ કરવા માટે,સાહિત્યનો શાસ્ત્રીય રીતે અભ્યાસ કરવા માટે,લેખકો અને વિદ્વાનોને એકત્ર કરવા અને એકબીજાના પરિચયમાં લાવવા વગેરે જેવા ઉદ્દેશ્યો સાથે તેમણે ઈ.સ. ૧૯૦૪માં અમદાવાદમાં પહેલવહેલી ગુજરાતી સાહિત્યસભાની સ્થાપના કરી.સમગ્ર દેશમાં કોઈપણ પ્રાદેશિક ભાષામાં સાહિત્ય સંમેલન ભરાતાં ન હતાં ત્યારે વિદ્વાનો અને લેખકોને એકઠા કરી સાહિત્યના વિકાસ માટે પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદ ભરવાની એમણે ચળવળ શરૂ કરી.જે સફળ પણ રહી.

આવા એક બુદ્ધિશાળી,લાગણીશીલ સારસ્વતનું દરિયામાં ડૂબી જવાથી અવસાન થયું હતું.એમને અંજલિરૂપ ગુજરાતી સાહિત્યસભાએ ૧૯૨૮થી રણજિતરામ સુવર્ણચંદ્રક આપવાનો શરૂ કર્યો.જે ગુજરાતી સાહિત્યમાં પ્રતિષ્ઠિત ચંદ્રક ગણાય છે.


**<u>પત્રવ્યવહાર/પ્રાપ્તિસ્થાન</u>**

**મનીષ સુથાર**
**મદદનીશ શિક્ષક**
**પ્રાથમિક શાળા,સમાદરા.**
**તા.જિ : ખેડા.**
**પિન.૩૮૭૧૨૦**
**મો.૯૦૯૯૧૭૨૧૭૭**
e-mail:manishsuthar123@gmail.com


**TO.** **PRINTED METTER**

........................................................

........................................................

........................................................

........................................................

**PIN.** | | | | | | |


**COMPOSED BY:Manish suthar,asst. teacher,prathmik shala samadara,ta & di:kheda**